GJVD010036202026 **ફોજદારી અપીલ નં.૬૪૮/૨૦૨૬**

**-: આંક - ૧ લગત હુકમ :-**

**૧.** અપીલ વંચાણે લીધી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આ કેસ આજ રોજ લોક અદાલતમાં રાખેલ છે.

**૨.** **ક્રિમીનલ કેસ નં.૪૫૫૭૫/૨૦૨૫** થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરિયાદના કામમાં વિ. ૩જા એડી. ચીફ જયુડી. મેજી. ફસ્ટ કલાસશ્રી, વડોદરાનાઓએ **તા.૨૬/૧૧/૨૦૨૫** ના રોજ આપેલ જજમેન્ટથી એપેલન્ટ/ આરોપીને તકસીરવાન ઠરાવી ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૩,૩૮,૯૧૪/- (અંકે રૂપિયા ત્રણ લાખ આડત્રીસ હજાર નવસો ચૌદ પુરા) વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમ વિરૂધ્ધ એપેલન્ટ/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૧૫ હેઠળ ફોજદારી અપીલ કરેલ છે.

**3.** આજરોજ પક્ષકારો તથા પક્ષકારોના વિ.વ.શ્રીઓ નેશનલ લોક અદાલતમાં હાજર રહેલ છે અને પક્ષકારો વચ્ચે સમાધાન થતાં આંક-૦૫ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને આંક-૦૬ થી પુરસીસ રજુ કરી ટ્રાયલ કોર્ટે કરેલ સજાનો હુકમ રદ કરવા અરજ કરેલી છે. આ કામમાં સમાધાન થઇ ગયેલ હોવાથી પક્ષકારો આ અપીલ આગળ ચલાવવા માંગતા ન હોવાથી સમાધાન કરવા પરવાનગી આપી આ અપીલ સમાધાનથી નિકાલ કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

**૪.** આ કેસની હકીકતો તથા સંજોગો જોતા હાલની અપીલવાળો ગુનો કે જેમાં, એપલેન્ટ/આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરિયાદ માટે વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા સજા કરવામાં આવેલ છે તે ગુનો સમાધાન કરી

શકાય તે મુજબનો ગુનો છે. આ કામે પક્ષકારો વચ્ચે સ્વેચ્છાએ સમાધાન થઇ ગયેલ હોવાનું જણાતુ હોવાથી પક્ષકારોને સમાધાન કરવા પરવાનગી આપી, સમાધાન સ્વીકારી તે મુજબ હાલની અપીલનો સમાધાનથી નિકાલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હીતમાં હોવાનું જણાતું હોવાથી આંક-૦૫ થી રજુ થયેલ સમાધાન પુરસીસને ધ્યાને લેતાં, આ કામે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** આથી આ કામમાં પક્ષકારો તરફે રજુ થયેલ સમાધાન પુરસીસ સ્વીકારી સમાધાન રેકર્ડ કરવા હુકમ કરવામાં આવે છે અને હાલની ફોજદારી અપીલ સમાધાનથી ફેંસલ કરવામાં આવે છે.

**૨.** આથી ક્રિમીનલ કેસ. **નં. ૪૫૫૭૫/૨૦૨૫** ના કામે, વિ. ૩જા એડી. ચીફ જયુડી. મેજી. ફસ્ટ કલાસશ્રી, વડોદરાનાઓએ **તા.૨૬/૧૧/૨૦૨૫** ના રોજના જજમેન્ટથી એપલેન્ટ/ આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદમાં તકસીરવાન ઠરાવી કરેલ કેદ તથા વળતર ચુકવવાનો કરેલ હુકમ રદ કરવામાં આવે છે અને એપેલન્ટ/આરોપીને તે કેસમાંથી ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુનામાંથી સમાધાન અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

**૪.** આ હુકમની નકલ તાત્કાલિક સંબંધીત વિ.ટ્રાયલ કોર્ટમાં યોગ્ય કાર્યવાહી સારૂ પરત મોકલી આપવુ.

**હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.**

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : વડોદરા.

**( રોમિત અનિલકુમાર અગ્રવાલ )**
**૧૪માં એડીશનલ સેસન્સ જજ**
**વડોદરા.**
**[યુ.આઈ.સી.નં.જીજે ૦૦૯૩૩ ]**

(એન.એ. વાળા)
ગુજરાતી સ્ટેનોગ્રાફર

14th Add. District Judge,
Vadodara